દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં.૦૨ તા.૨૧.૦૯.૨૦૨૩

# નગરના ઘ-5 અને ચ-5 સર્કલ પર લોખંડનો 50 ફૂટ લાંબો સ્પાન મૂકાશે

## મેટ્રો રેલની કામગીરી પૂર્ણ થયા બાદ બંને સર્કલ પહેલાં જેવા જ બનાવાશે

ભાસ્કરન્યૂઝ | ગાંધીનગર

મેટ્રો રેલની કામગીરીને પગલે નગરના ઘ-5 સર્કલની રવિશંકર મહારાજની મૂર્તિને દુર કરાશે. તેજ રીતે ચ-5 સર્કલના ફુવારાને બંધ કરાશે તેવી અફવાએ જોર મચાવ્યું છે. જોકે ઘ-5 સર્કલની પ્રતિમા અને ચ-5 સર્કલના ફુવારાને હટાવ્યા વિના પીઅર બનાવીને તેની ઉપર લોખંડનો 50 ફૂટ લાંબો સ્પાન મુકાશે. જોકે મેટ્રો રેલની કામગીરી પૂર્ણ થયા બાદ બન્ને સર્કલ પહેલાં જેવા જ બનાવી દેવામાં આવશે.

રાજ્યના પાટનગરમાં કોટેશ્વરથી મહાત્મા મંદિર અને પીડીપીયુ સુધી



મેટ્રો રેલ નાંખવાની કામગીરી હાલમાં કરવામાં આવી રહી છે. જોકે મેટ્રો રેલની લાઇન નાંખવા માટે જમીનથી 80 ફુટ ઉંચા પીયર બનાવવામાં આવી રહ્યા છે. જોકે મેટ્રો રેલ લાઇન છ રોડ ઉપરથી રોડ નંબર-5થી મહાત્મા મંદિર સુધી નાંખવામાં આવી રહી છે. રોડ નંબર-5ના ડિવાઇર ઉપર મેટ્રો રેલના પીયર નાંખવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેને પરિણામે આ રૂટ ઉપર આવતા પોલીસ ભવન, પૂનિતવન, છ-5, ચ-5, ઘ-5 અને ગ-5 સર્કલો આવે છે. તેમાંથી મેટ્રો રેલની કામગીરીને પગલે અન્ય સર્કલોને તોડવામાં આવ્યા છે. પરંતુ મેટ્રો રેલની કામગીરી પૂર્ણ થઇ ગયા બાદ તમામ સર્કલને અગાઉની જેમ જ ડેવલપ કરવામાં આવશે તેમ મેટ્રો રેલના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે.

જોકે. મેટ્રો રેલની કામગીરીને પગલે માર્ગ નંબર-5 ઉપરના ચ-5 સર્કલ ખાતે ફીટ કરવામાં આવેલા ફુવારા અને ઘ-5 સર્કલમાં સ્થાપિત કરેલી રવિશંકર મહારાજની પ્રતિમાને નુકશાન થશે કે હટાવી દેવામાં આવશે તેવી ચર્ચાએ લોકોમાં જોર મચાવ્યું છે. જોકે ચ-5 સર્કલના ફુવારા અને ઘ-5 સર્કલની પ્રતિમાને દુર કરવા અંગે માર્ગ મકાન વિભાગના માહિતગાર સૂત્રો પાસેથી મળેલી માહિતીમાં પ્રતિમા કે ફુવારને દુર કરાશે નહી. પરંતુ ફુવારા અને પ્રતિમાને નુકશાન થાય નહી અને સર્કલની શોભા યથાવત રહે તે માટે મેટ્રો રેલ લાઇનમાં આરસીસી નહી. પરંતું ઘ-5 સર્કલ અને ચ-5 સર્કલ ઉપર 50 ફુટ લાંબો લોખંડનો સ્પાન મુકવામાં આવશે. જેનાથી સર્કલની શોભા યથાવત રહેશે.